પ્રથમ અપીલ અરજી નં. ૦૧<br>તા.૦૩/૦૮/૨૦૨૨

**<u>અરજદાર:–</u>** શ્રી દિપકભાઈ રણછોડભાઈ પટેલ

**<u>સામાવાળા:–</u>** જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :–** **પ્રથમ અપીલ નં.૦૧/૨૦૨૨ – ૨૩, તા.૦૩/૦૮/૨૦૨૨**

**સંદર્ભ :–** (૧) આર.ટી.આઈ.એકટ હેઠળ મુળ આઈ.ડી.નં.૪૩૪, તા.૨૪/૦૬/૨૦૨૨.
(૨) અત્રેથી અરજદારને સ્મીમેર કોલેજ/આઉટ નં.૨૨૯૨, તા.૦૭/૦૭/૨૦૨૨ થી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર.
(૩) અરજદારની તા.૦૧/૦૮/૨૦૨૨ ની પ્રથમ અપીલ તબદીલ થઈ અત્રેનાં વિભાગમાં સ્મીમેર/ઈન/નં.૪૫૧૭, તા.૦૩/૦૮/'૨૨ થી પ્રથમ અપીલ નં.૦૧ થી નોંધાયેલ.

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

અરજદારશ્રી દિપકભાઈ રણછોડભાઈ પટેલની સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી અરજી જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી(ઉધના ઝોન) દ્વારા આંશિક તબદીલ થઈ સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે સ્મીમેર/ઈન.નં.૩૪૩૩, તા.૦૧/૦૭/૨૦૨૨ થી પ્રાપ્ત થયેલ. મુળ માહિતી માંગતી અરજીમાં મુદ્દા નં.(૧) થી (૧૧) અંગેની માહિતી માંગવામાં આવેલ. જે પૈકી જા.મા.અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી દ્વારા લાગત મુદ્દા નં.(૧૦) ની માહિતી સંદર્ભ–(૨) થી નિયત સમય મર્યાદામાં અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. ત્યારબાદ અરજદારશ્રી દ્વારા સદર પ્રત્યુત્તરથી નારાજ થઈ સંદર્ભ – (૩) થી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રે પ્રાપ્ત થયેલ.

પ્રથમ અપીલ કરવાના કારણો :– માત્ર મુદ્દા નં.૧૦ ની માહિતી વેબસાઈટ ઉપરથી મેળવી – જોઈ લેવા જણાવેલ છે. બાકીની કોઈ માહિતી આપી નથી.

પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રીની લેખિત રજુઆત તેમજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી દ્વારા અરજદારને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લેતા સ્મીમેર મેડીકલ કોલેજને લાગત મુદ્દા (૧૦) ની માહિતી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરી પુરી પાડવાની રહે છે.

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪/૦૬/૨૦૨૨ ની મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી લાગત મુદ્દા નં.૧૦ ની માહિતી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરી દિન – ૦૫(પાંચ) માં અરજદારશ્રીને પુરી પાડવાનો હુકમ જા.મા.અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રીને (સ્મીમેર મેડીકલ કોલેજ) કરવામાં આવે છે.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(બી.સી.ખુંટ)
પ્રથમ અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

સ્મીમેર/આઉટ નં.
તા.      /૦૮/૨૦૨૨

પ્રથમ અપીલ અરજી નં. ૦૨
તા.૦૮/૦૯/૨૦૨૨

**અરજદાર:–** શ્રી શકિતસિંહ નરેન્દ્રસિંહ રાઠોડ

**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :–  પ્રથમ અપીલ નં.૦૨/૨૦૨૨ – ૨૩, તા.૦૮/૦૯/૨૦૨૨**

**સંદર્ભ :–** (૧) આર.ટી.આઈ.એકટ હેઠળ મુળ આઈ.ડી.નં.૦૮, તા.૧૦/૦૮/૨૦૨૨.
(૨) અત્રેથી અરજદારને સ્મીમેર કોલેજ/આઉટ નં.૨૮૫૭, તા.૧૮/૦૮/૨૦૨૨ થી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર.
(૩) અરજદારની તા.૦૮/૦૯/૨૦૨૨ ની પ્રથમ અપીલ અરજી.
(૪) રૂબરૂ સુનાવણી પત્ર નં.સ્મીમેર/આઉટ/૩૩૪૫,તા.૧૭/૦૯/૨૦૨૨.

**ફરીયાદીની હકીકત :–**

અરજદારશ્રી શકિતસિંહ નરેન્દ્રસિંહ રાઠોડની સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી અરજી પ્રોફેશનલ કુરીયર દ્વારા સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે સ્મીમેર/ઈન.નં.૪૭૨૬, તા.૧૦/૦૮/૨૦૨૨ થી પ્રાપ્ત થયેલ. મુળ માહિતી માંગતી અરજીમાં મુદ્દા નં.(૧) થી (૪) અંગેની માહિતી માંગવામાં આવેલ. જે અન્વયે જા.મા.અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી દ્વારા સંદર્ભ–(૨) થી નિયત સમય મર્યાદામાં અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. ત્યારબાદ અરજદારશ્રી દ્વારા સદર પ્રત્યુત્તરથી નારાજ થઈ સંદર્ભ – (૩) થી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અત્રે પ્રોફેશનલ કુરીયર દ્વારા સ્મીમેર કોલેજ ખાતે સ્મીમેર/ઈન.નં.૫૪૯૭, તા.૦૮/૦૯/૨૦૨૨ થી પ્રાપ્ત થયેલ.

પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રીની રૂબરૂમાં મૌખિક સુનાવણી થઈ આવવા સંદર્ભ – (૪) થી અરજદારશ્રીને પત્ર પાઠવવામાં આવેલ છે. જેમાં અરજદારશ્રી તેમજ જા.મા.અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી હાજર રહેલ છે. જે અંગેની રોજકામમાં નોંધ કરવામાં આવેલ છે.

પ્રથમ અપીલ અરજીનાં અનુસંધાને તા.૨૭/૦૯/૨૦૨૨ નાં રોજ રાખવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીને આર.ટી.આઈ. અરજી અન્વયે સંપૂર્ણ પુરતી સમજણ આપવામાં આવેલ છે અને તેની સાથે સહમતિ પણ દર્શાવેલ છે. તેમજ જા.મા.અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી રૂબરૂ સુનાવણીમાં હાજર રહી રજુઆત કરેલ છે કે " અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં ઉપલબ્ધ રેકર્ડ આધારીત પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. જે યોગ્ય છે." આમ, અત્રેના ખાતાને લાગત અરજી બાબતે અપીલનું કારણ ઉત્પન થતું ન હોય, અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦/૦૮/૨૦૨૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી તેમજ પ્રથમ અપીલ અરજી અન્વયે તા.૨૭/૦૯/૨૦૨૨ નાં રોજ કરવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં થયેલ રજુઆત / ચર્ચા મુજબ જા.મા.અધિકારી અને ઈ.ચા.સેકશન ઓફિસરશ્રી(સ્મીમેર કોલેજ) તરફથી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાથી, સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(બી.સી.ખુંટ)
પ્રથમ અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

સ્મીમેર/આઉટ નં.
તા.     /૦૯/૨૦૨૨